# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.
## સુરસાગર ડેરી, વઢવાણ.

એસએસડી/એસએનઆર/એસી/દૂધ ભાવ/૨૦૨૬/ ૧૧૨૭ તા.૩૦/૦૬/૨૦૨૬

**પરિપત્ર**

આથી તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવાનું કે ફરીથી જણાવવામાં ન આવે ત્યાં સુધી ભેંસના દૂધના ભાવ પ્રતિ કિલો ફેટ તથા તેની સરખામણીમાં ગાયના દૂધના યુનિટ કિલો ફેટના ભાવ તા.૦૧-૦૭-૨૦૨૬ થી નીચે મુજબ રહેશે.

દૂધ મંડળીઓને કિલો ફેટે રૂા. ૮૭૦/- પ્રમાણે દૂધબીલ મોકલી આપવામાં આવશે.

| દૂધનો પ્રકાર | ફેટ ટકા | એસએનએફ ટકા | મંડળીને ચુકવવાના ભાવ | ખાટા દૂધના ભાવ (સારા દૂધના ૬૦%મુજબ) |
|---|---|---|---|---|
| ભેંસનું દૂધ | ૬.૦ અને ઉપર | ૯.૦ અને ઉપર | ૮૭૦.૦૦ | ૫૨૨.૦૦ |
| | ૫.૫ થી ૫.૯ | ૯.૦ અને ઉપર | ૮૬૦.૦૦ | ૫૧૬.૦૦ |
| ગાયનું દૂધ | ૩.૫ થી ૫.૪ | ૮.૫ અને ઉપર | ૪૦૬.૦૦ | ૨૪૩.૬૦ |
| | ૩.૦ થી ૩.૪ | ૮.૦ થી ૮.૪ | ૪૦૩.૯૭ | ૨૪૨.૩૮ |

નોંધ :- ભેંસના દૂધમાં ૮.૫ થી ૮.૯ એસએનએફ વાળા દૂધના ભાવ પ્રતિ કિલો ફેટના રૂા.૮૪૦/- મુજબ ચુકવવામાં આવશે. ઉપરોકત ધોરણ કરતાં નીચે પ્રકારના હલકાં/ખાટાં દહી - દૂધના નાણાં સંઘમાં આવેલ સારા દૂધના ૨૫% ના દરે ચુકવવામાં આવશે.

મંડળીઓએ દૂધના ભાવની ઉત્પાદકોને ચુકવણી રૂા.૮૬૨/- પ્રમાણે નીચે મુજબ ચુકવવાની રહેશે.

| દૂધનો પ્રકાર | ફેટ ટકા | એસએનએફ ટકા | સારા દૂધના ભાવ | | |
|---|---|---|---|---|---|
| | | | ગ્રાહકોને ચુકવવાના કોમ્પ્યુટરમાં નાખવાનો ભાવ | મંડળીનો ગાળો (માર્જીન) | મંડળીને મળવાપાત્ર ભાવ |
| ભેંસનું દૂધ | ૬.૦ અને ઉપર | ૯.૦ અને ઉપર | ૮૬૨.૦૦ | ૮.૦૦ | ૮૭૦.૦૦ |
| | ૫.૫ થી ૫.૯ | ૯.૦ અને ઉપર | ૮૫૨.૦૦ | ૮.૦૦ | ૮૬૦.૦૦ |
| ગાયનું દૂધ | ૩.૫ થી ૫.૪ | ૮.૫ અને ઉપર | ૪૦૨.૦૦ | ૪.૦૦ | ૪૦૬.૦૦ |
| | ૩.૦ થી ૩.૪ | ૮.૦ થી ૮.૪ | ૩૯૯.૯૭ | ૪.૦૦ | ૪૦૩.૯૭ |

નોંધ :- ભેંસના દૂધમાં ૮.૫ થી ૮.૯ એસએનએફ વાળા દૂધના ભાવ પ્રતિ કિલો ફેટના રૂા.૮૩૨/- મુજબ ચુકવવાના રહેશે. ઉપરોકત ધોરણ કરતાં નીચેપ્રકારના હલકા દૂધના નાણાં મંડળીમાં આવેલ સારા દૂધના ૨૫% ના દરે ચુકવવાના રહેશે.

૧. ઉપરોકત દૂધના ભાવો કામચલાઉ (પ્રોવીઝનલ) બાંધવામાં આવેલ છે. મંડળીઓ પરથી આવતા દૂધમાંથી સંઘના વજન અને ગુણવતાની બીજી બાબતોને ધ્યાને લઈ સંઘ ધ્વારા છેવટના ભાવની વધ-ઘટ નકકી કરી જણાવવામાં આવશે.
૨. આપની મંડળી તરફથી બન્ને ટાઈમ સ્વચ્છ, ભેળસેળ વિનાનું ઉચી ગુણવતા વાળું દૂધ ખરીદ કરી સંઘમાં મોકલવાનું રાખવું. ડેરી ડોક ઉપર હલકી કક્ષાનું ભેળસેળ વાળું દૂધ વપરાશ માટે હાનીકારક માલુમ પડશે તો તેવા દૂધનો કોઈપણ જાતની જાણ કર્યા વગર નાશ કરવામાં આવશે. આવા દૂધનું મંડળીને પેમેન્ટ કરવામાં આવશે નહિં અને આવું દૂધ મોકલનાર મંડળી સહકારી કાયદા મુજબ ગુન્હેગાર અને સજાને પાત્ર બને છે.
૩. દૂધની ગુણવતા અંગેનો સંઘની લેબોરેટરીનો નિર્ણય આખરી ગણાશે.ભેંસના સારા દૂધમાં એસ.એન.એફ.નું પ્રમાણ૯.૦ અને તેથી વધુ જાળવવા માટે લેકટોમીટરનો આંક(૬૦ ફે)અને ફેટનો સરવાળો ૩૬ અથવા ૩૬ કરતાં વધુ થવો જોઈએ.અને ગાયના સારાદૂધમાં એસએનએફનું પ્રમાણ ૮.૫ અને વધુ જાળવવા લેકટોમીટરનો આંક(૬૦ ફે)અને ફેટનો સરવાળો ૩૪ અથવા ૩૪ કરતાં વધુ થવો જોઈએ.એસ.એન.એફ. નું પ્રમાણ જળવાઈ રહે તે માટે દૂધ લેતી વખતે લેકટોમીટરનો ઉપયોગ કરવો.
૪. ઘેટા - બકરાનું તથા વાસી દૂધ ન સ્વીકારવું.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(ગુરદિતસિંહ)
મેનેજીંગ ડિરેકટર